ભારતના બંધારણ ( અનુસૂચિત જાતિઓ) હુકમ ( બીજો સુધારો) અધિનિયમ, ૨૦૦૨ અન્વયે ગુજરાતને લગતી અનુસૂચિત જાતિની યાદીમાં કરવામાં આવેલ સુધારા વધારા અંગે.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક-હસલ-૧૦૨૦૧૩-૫૪૯૬૮૭-હ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- 05/09/2013

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગરનો તા. ૧૮/૨/૨003 ના ઠરાવ ક્રમાંકઃ સીએઆર-૧૦૯૦- સીઓ-૧૬-હ
(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,ગાંધીનગરની કચેરીનો તા. ૮/૮/૨૦૧૩ ના પત્ર ક્રમાંક-અજાક/મ/૧/૨૦૧૩/૬૨૨૮
(3) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,ગાંધીનગરની કચેરીનો તા. 30/૮/૨૦૧૩ ના પત્ર ક્રમાંક-અજાક-મ-૧-૨૦૧૩-૬૩૩૪

પ્રસ્તાવનાઃ-

વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) ના ઠરાવના પેરા ૩. (૩) મુજબ ડાંગ જિલ્લા અને વલસાડ જિલ્લાના ઉંમરગાંવ તાલુકાના વિસ્તાર સિવાયના મોચી જાતિના લોકો/ઇસમો પૈકી જો કોઇ ઇસમોએ તા. ૧૮/૧૨/૨૦૦૨ પછી અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર મેળવેલ હોય અગરતો અપાયેલ હોય તો તે રદ કરવા અને મળવાપત્ર લાભો આપવા નહિ. તેમજ તા. ૧૮/૧૨/૨૦૦૨ પહેલાં અનુસૂચિત જાતિ તરીકેનું પ્રમાણપત્ર અન્વયે મેળવાઇ ચૂકેલ હોય પરંતુ તે પ્રમાણપત્રના આધારે જો કોઇ લાભ હજી સુધી મળેલ ન હોય / મેળવાયેલ ન હોય તો તેવા ઇસમોના પ્રમાણપત્ર અન્વયે પણ કોઇ લાભ આપવાના રહેશે નહિ.આર્થાત્ તેવા પ્રમાણપત્રો આપોઆપ રદ થયેલ ગણાશે.

ઉપરોકત જણાવેલ ફકરા ૩ (૩) ની છેલ્લી ચાર લીટીઓ જોતા, ભારત સરકારના બંધારણ અનુસૂચિત જાતિઓ હુકમો (બીજો સુધારો), અધિનિયમ ,૨૦૦૨, તા. ૧૭/૧૨/૨૦૦૨ થી

ડાંગ જિલ્લા અને વલસાડ જિલ્લાના ઉમરગાંવ તાલુકાના વિસ્તાર સિવાયના વિસ્તારની "મોચી" જાતિને ગુજરાત રાજયની અનુસુચિત જાતિની યાદીમાંથી તા. ૧૮/૧૨/૨૦૦૨ થી દુર કરવામાં આવેલ હોવા છતાં ઘણા કિસ્સઓમાં નીચે મુજબનો અર્થ તારવવામાં આવે છે.

**તારીખઃ ૧૮-૧૨-૨૦૦૨** પહેલા અનુસૂચિત જાતિ તરીકેનું જાતિ પ્રમાણપત્ર મળેલ હોય કે મેળવાઇ ચૂકેલ હોય અને તે જાતિ પ્રમાણાપત્રને આધારે અનુસૂચિત જાતિ તરીકેના જો કોઇ લાભ મળેલ હોય / મેળવાયેલ હોય તો તેવા ઇસમોના પ્રમાણપત્ર અન્વયે અનુસૂચિત જાતિ તરીકેના લાભ આપવાનું ચાલુ રહે છે. અને આવા પ્રમાણપત્રો રદ ગણી શકાય નહી, આવો અર્થ તારવવાના કારણે ઘણીવાર વહીવટી અને કાયદાકીય ગુંચ/ મુશ્કેલીઓ ઉભી થવાની પુરેપુરી સંભાવના રહે છે. આથી નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની કચેરીના ઉકત વંચાણે લીધેલ ક્રમાંક-૨ અને ૩ ના પત્રોથી વંચાણે લીધેલ ક્રમાંક-૧ તા. ૧૮-૨-૨૦03ના ઠરાવના ફકરા - 3 (3) માં હાલની જોગવાઇને બદલે તેમાં સુધારો કરવા અંગેની દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે તા. ૧૮/૨/૨૦03 ના ઠરાવના પેરા નં. 3 (3) માં નીચે મુજબ સુધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

## <u>સુધારા ઠરાવ</u>

### <u>પેરા નં. 3 (3)</u>

ગુજરાત રાજયના ડાંગ જિલ્લા અને વલસાડ જિલ્લાના ઉમરગાંવ તાલુકાના વિસ્તાર સિવાયના વિસ્તારના મોચી જાતિના લોકો/ઇસમો પૈકી જો કોઇ ઇસમોએ તા. **૧૮/૧૨/૨૦૦૨** ના રોજ કે તે પછી અનુસૂચિત જાતિ તરીકેના જાતિ પ્રમાણપત્રો મેળવેલ હોય અગર તો તેવા ઇસમોને અનુસૂચિત જાતિ તરીકેના જાતિ પ્રમાણપત્રો અપાયેલ હોય તો તેવા તમામ જાતિ પ્રમાણપત્રો આપોઆપ રદ થયેલ ગણાશે અને આવા જાતિ પ્રમાણપત્રો ના આધારે તેઓને **તા. ૧૮/૧૨/૨૦૦૨** ના રોજ કે તે પછી અનુસૂચિત જાતિ તરીકેના કોઇ પણ લાભ / છુટછાટો મળવાપાત્ર રહેતા નથી. ગુજરાત રાજયના

ડાંગ જિલ્લા અને વલસાડ જિલ્લાના ઉમરગાંવ તાલુકાના વિસ્તાર સિવાયના વિસ્તારના મોચી જાતિના લોકો/ઇસમો પૈકી જો કોઇ ઇસમ/ ઇસમોએ તા. ૧૮/૧૨/૨૦૦૨ પહેલા અનુસુચિત જાતિ તરીકેના જાતિ પ્રમાણપત્રો મેળવેલ હોય અગર તો તેવા ઇસમોને અનુસુચિત જાતિ તરીકેના જાતિ પ્રમાણપત્રો અપાયેલ હોય અને આવા જાતિ પ્રમાણપત્રોને આધારે તેઓએ તા. ૧૮/૧૨/૨૦૦૨ પહેલા અનુસૂચિત જાતિ તરીકેના જો કોઇ લાભ મેળવેલ હોય તો તેવા લાભ પરત લેવાના રહેતા નથી પરંતુ તેઓને તા. ૧૮/૧૨/૨૦૦૨ પછી અનુસૂચિત જાતિ તરીકેના કોઇ પણ લાભ આપવાના રહેતા નથી. તેમજ આવા તમામ જાતિ પ્રમાણપત્રો આપેઆપ રદ થયેલ ગણાશે.!!

૨. વંચાણે લીધેલ ક્રમાંક-૧ ના તા.૧૮/૨/2003 ના ઠરાવની અન્ય બાબતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જગદીશ ખડિયા )
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ,ગુજરાત રાજય, ગાંધીનગર.
- જિલ્લા કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
- સર્વે તકેદારી અધિકારીશ્રીઓ
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત)
- સર્વે શાખાઓ,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ.